## ઉમેદવારને કામગીરી સ્થળની ફાળવણી પ્રક્રિયા:

- ઓનલાઈન અરજીમાં દર્શાવેલ ગુણને આખરી ગણવામાં આવશે જે અન્વયે ગણતરી કરી મેરીટ યાદી અને પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- આ યાદી મુજબ ઉમેદવારને રાજય કક્ષાએ કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.
- જો ઉમેદવાર જે તે આર.એમ.એસ.એ.કચેરી દ્વારા જણાવેલ સ્થળ અને સમયે રાજ્ય કેમ્પમાં હાજર નહિ રહે તો તેમની ઉમેદવારી આપોઆપ રદ ગણવામાં આવશે અને તેમનું નામ મેરીટ યાદી માંથી રદ કરી દેવામાં આવશે.
- મેરીટ મુજબ ઉમેદવારે ઓનલાઈન અરજીમાં દર્શાવેલ ગુણ અને મૂળ પ્રમાણપત્રની ચકાસણી કરવામાં આવશે, રૂબરૂ ચકાસણી દરમ્યાન નિયત પ્રમાણપત્રો રજુ કરવામાં નહિ આવે તો ઉમેદવારી રદ ગણાશે.. આ અંગે વધારાના સમયની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
- ઓનલાઈન અરજીમાં દર્શાવેલ ગુણ અને રૂબરૂ ચકાસણી દરમ્યાન જો ગુણોમાં ફેરફાર જણાશે તો ઉમેદવારી આપોઆપ રદ ગણવામાં આવશે અને નામ મેરીટયાદી પણ રદ કરી દેવામાં આવશે. જેથી અરજી કરતી વખતે ધ્યાન પૂવાક ઓનલાઈન અરજી ફોર્મ ભરવા કાળજી લેવી.
- ઉમેદવાર જો ચકાસણી બાદ યોગ્યતા માટે પાત્ર જણાશે તો મેરીટ મુજબ તેમને જીલ્લામાં આવેલ શાળાઓની યાદી માંથી કામગીરી સ્થળ પસાંદ કરવાનું રહેશે.
- પસંદ કરેલ શાળાની જગ્યા માટે જીલ્લાશિક્ષણાધિકારી દ્વારા ઉમેદવારને કરાર આધારિત કામગીરી માટેનો નિમણુંક આદેશ આપવામાં આવશે.
- ઉમેદવારે નિમણુંક આદેશ પત્રમાં દર્શાવેલ તારીખ થી દિન સાત માં કામગીરી સ્થળે હાજર થવાનું રહેશે. હાજર થતા પહેલા સંમતિ પત્ર અધિકારીને જમા કરાવવાનું રહેશે.
- ઉમેદવાર દિન -૦૭ માં કામગીરી સ્થળ પર હાજર નહિ થાય તો કામગીરી કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.
- ઉમેદવારોના અનુભવના પ્રમાણપત્ર / શૈક્ષણિક પ્રમાણપત્રો અંગેની તપાસ અધિકારી દ્વારા કરવામાં આવશે જે અન્વયે જો ઉમેદવારના અનુભવ અને પ્રમાણપત્રો યોગ્ય નહિ જણાય તો કોઇપણ નોટીસ આપ્યા વગર તેમની સેવા સમાપ્ત કરી દેવામાં આવશે.